Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-3, December-2022
www.researchguru.net

# શિક્ષણનું યોગ્ય માધ્યમ માતૃભાષા

ડો. ભાવેશ જેઠવા
પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
bmjethavakskv@gmail.com

*શોધસારાંશ : (Abstract)*

*ખૂબ જ ઝડપથી પરિવર્તન પામી રહેલી વૈશ્વિક પરિસ્થિતિના આ કાલખંડમાં સંસ્કાર, સંસ્કૃતિ અને સભ્યતાની જાળવણી માટે જનઆંદોલન અને જનજાગૃતિની જરૂરીયાત ઉભી થઇ છે. આ માટે દરેક સંસ્કૃતિ અને સભ્યતા પોતાની માતૃભાષાનું જતન અને સંવર્ધન કરશે તો જ તેના સારા પરિણામ મળી શકશે. એ તો નિર્વિવાદ છે કે જગતના દરેક બાળકનો પહેલો શિક્ષક તો માતા જ હોય છે. પરિણામે માતાની ભાષા એ કુદરતી અને સહજ રીતે બાળકના ઉછેરને પ્રભાવિત કરતી હોય છે. પ્રારંભિક તબક્કે બાળક જે કાંઈ શીખે છે સમજે છે તે માતા અને પરિવાર પાસેથી જ શીખે છે. બાળકે શીખેલું, સમજેલું જે કાંઈ છે તે યોગ્ય રીતે વ્યક્ત કરવા તે માતૃભાષાનો સહારો લે છે. માટે જ માતૃભાષાનું મહત્ત્વ સંસારની દરેક સંસ્કૃતિ માટે મહત્ત્વનું પરિબળ બની રહે છે. આપણા મૂર્ધન્ય કવિશ્રી ઉમાશન્કર જોશી કહે છે કે ' હું ગુજરાતી ભાષામાં લખતો એક ભારતીય લેખક છું. જે વ્યક્તિ માતૃભાષાને હડધૂત કરે છે તો પોતાની માતાને હડધૂત કર્યા સમાન છે.' આજનું બાળક પોતાને મળેલા વારસાને સાચવી રખાવાનું જો સામર્થ્ય નહિ ધરાવે તો જે તે રાષ્ટ્ર કે જે તે સંસ્કૃતિનું પતન ચોક્કસ છે. માટે જ આપણી સહુની સહિયારી જવાબદારી અને પ્રાથમિકતા હોવી જોઇશે કે માતૃભાષાને ભોગે અન્ય ભાષા તો નહિ જ.*

*ચાવીરૂપ શબ્દો (Key Words)*

- *માતૃભાષા*
- *રાષ્ટ્ર*
- *સભ્યતા અને સંસ્કૃતિ*
- *જતન અને સંવર્ધન*
- *માતા અને પરિવાર*

એ તો નિર્વિવાદ છે કે દરેક રાષ્ટ્રની સંસ્કૃતિનું પ્રતિબિંબ એ રાષ્ટ્રની ભાષામાં ઝિલાતું હોય છે. જે તે વ્યક્તિની માતૃભાષા જ તેમના માટે વૈશ્વિકતાનો માર્ગ પ્રશસ્ત કરે છે. માતૃભાષા સંસ્કૃતિનું ઉત્તમ અને એકમાત્ર મજબૂત સંવાહક છે. જે કોઈ સમાજ, પ્રદેશ કે વ્યક્તિ, માતા, માતૃભૂમિ અને માતૃભાષાનું જતન નથી કરતા તેનું અધ:પતન નિશ્ચિત છે. શ્રી રામ સ્વામીએ કહ્યું છે કે - "કોઈ પણ દેશ તેમજ સંસ્કૃતિને હણી નાખવાનો અચૂક ઉપાય તો સૌ પ્રથમ તેની ભાષાને બદલી નાખવાનો છે." [૧] માતૃભાષાની આટઆટલી મહત્તા અને શક્તિ હોવા છતાં આજે જ્યારે આપણે આપણી ગુજરાતી ભાષાને સાથે રાખીને નજર કરીએ તો નિરાશા સાંપડે છે.

જગતનું કોઈ એવું રાષ્ટ્ર નથી કે તે પોતાનો વ્યવહાર અન્ય ભાષામાં કરતું હોય, તો પછી આપણે ત્યાં અંગ્રેજી કે અન્ય ભાષા પાછળની આવી આંધળી દોટ શા માટે ? શા માટે આપણે માતૃભાષાથી દૂર થતાં જઈએ છીએ? શા માટે આપણે માતૃભાષાના જતન માટે અભિયાન ચલાવવાં પડે છે? આપણી

સંસ્કૃતિની અમૂલ્ય ધરોહરના જતન માટે માતૃભાષાનું ગૌરવ અને તેનું જતન આપણી નૈતિક અને પ્રાથમિક ફરજ છે એ ન ભૂલવું જોઈએ.

બાળકનું માતાના ઉદરમાં કેવળ શારીરિક બંધારણ જ નથી બંધાતુ હોતું. તેમની સાથે માનસિક વિકાસ પણ થતો હોય છે. માતાના ઉદરમાં વિકસી રહેલા બાળક પર માતાના વાણી-વ્યવહાર, તેમની જીવનશૈલી, તેમનું અધ્યાત્મ, તેમની આસપાસનું વાતાવરણ વગેરેનો ખૂબ મોટો પ્રભાવ પડતો હોય છે. બાળકના હૃદયના ધબકારા સાથે તેની માતૃભાષા ગૂંથાતી જતી હોય છે. બાળકનો નૈસર્ગિક વિકાસ માતૃભાષા દ્વારા જ શક્ય છે. બાળક તેના જીવનના પ્રથમ પાંચથી સાત વર્ષનો સમયગાળો માતા સાથે તેના સહવાસમાં જ વિતાવે છે. આ સમયગાળા દરમિયાન માતાનું ભાવજગત, તેની આસપાસનું વાતાવરણ બાળકના ભાવજગત સાથે સંવાદિતા સાધે છે, જેનું માધ્યમ સ્વાભાવિક માતૃભાષા જ રહે છે. મનોવિજ્ઞાન પણ આ બાબતને સમર્થન આપે છે કે બાળકનો ૮૯ % માનસિક વિકાસ તો પ્રથમ છ વર્ષમાં જ થઈ જાય છે. આ ગાળા દરમિયાન બાળકની ગ્રહણશીલતા એકદમ પરાકાષ્ઠાએ હોય છે. એમની સંસ્કાર ગ્રહણ કરવાની ક્ષમતા ઉત્કૃષ્ટ કક્ષાએ હોય છે. પરિણામે બાળકના માનસિક વિકાસની સાથે સાથે સંસ્કારનું સિંચન કરવાનું ઉત્તમ માધ્યમ માતૃભાષા જ છે.

સવાઈ ગુજરાતી એવા કાકાસાહેબ કાલેલકર કહે છે કે - “ભાષા એ આત્મીયતા ઉત્પન્ન કરવાનું અદ્‌ભુત સાધન છે. એક જ સમાજના લોકો પરસ્પર જીવનસહયોગને કારણે આત્મીય બને છે... અને તેથી તેઓ એક જ ભાષા બોલે છે. આમ, ભાષા એકતા સ્થાપિત કરવાની સંજીવની છે. જીવન-સહયોગ સ્થાપવાની શક્તિ ‘ભાષા’ છે. એક સમાજ એક જ ભાષા બોલે એ ફળ છે. ભાષાને કારણે એકતા ઉત્પન્ન થશે જ એમ કહેવાય નહીં અને છતાં સ્વીકારવું પડે છે કે ભાષામાં પણ આત્મીયતા ઉત્પન્ન કરવાની મોટી શક્તિ છે. અમેરિકામાં અંગ્રેજીની એ શક્તિ પ્રગટ થઈ છે, પણ ભારતમાં અંગ્રેજીનો આટલો પ્રચાર હોવા છતાં અંગ્રેજો અને આપણા લોકો વચ્ચે ઊંડી આત્મીયતા જાગી નથી.”[२]

કહેવાનો મૂળ આશય એ છે કે માતૃભાષા આત્મીયતા સ્થાપિત કરવાનો ઉત્તમ માર્ગ છે. જાણીતા ચિંતક હર્ષદ પ્ર. શાહ ‘ભાષા મારી ગુજરાતી છે’ પુસ્તકમાં લખે છે કે “માતૃભાષા એ તો માતા અને માતૃભૂમિ વચ્ચેનો સેતુ છે. માતા સંસ્કાર આપે છે અને માતૃભૂમિ સંસ્કૃતિ જન્માવે છે. આમ, વ્યક્તિગત સંસ્કાર અને રાષ્ટ્રની સંસ્કૃતિ વચ્ચેનો સેતુ પણ માતૃભાષા છે. એ આપણને સંસ્કૃતિ, ધર્મ અને જીવનમૂલ્યો સાથે જોડીને આ માટીની મહેક આપે છે. આપણી ગ્રહણશક્તિ ખીલવે છે, આપણી સમજણ વિકસાવે છે, આપણામાં સમતા અને સમરસતાનો ભાવ જગાડે છે, આપણા ભાવવિશ્વને ઢંઢોળે છે...અને આપણાં સ્પંદનો અને સંવેદનાઓ જગાડે છે.” [३] માતૃભાષા, માતૃભૂમિ અને સંસ્કૃતિની આ ત્રિધરી પર ટકી રહેલી ભારતીયતાની ઓળખથી આપણે દૂર ક્યારેય ન જઈ શકીએ.

ભાષા તો સંવાદનું સૌંદર્યમય માધ્યમ છે. વ્યક્તિ પોતાના વિચારો, ઊર્મિઓ અને ભાવનાઓની અભિવ્યકિત ભાષાના માધ્યમથી કરે છે. તેમાં પણ પોતાની માતૃભાષામાં ગ્રહણ

કરેલું જગતદર્શન કે કરેલી અભિવ્યક્તિ અસરકારક રીતે ધાર્યું પરિણામ લાવી શકે છે.

શ્રી અમૃતલાલ યાજ્ઞિક માતૃભાષાને આત્મસાત કરવા બાબતે સરળ શબ્દોમાં સમજાવે છે કે – "ખરી કેળવણીનું કુદરતી માધ્યમ માતૃભાષા છે એમ જગતના તમામ કેળવણીકારોએ કહ્યું છે. તેનું કારણ બાળકની જન્મભાષા માતૃભાષા હોય છે. તેથી એ ભાષા દ્વારા જ તે પોતાનાં માતા-પિતા, ભાઈ-બહેનો, સગાવહાલાંઓ, સંબંધીઓ અને સમાજને ઓળખતું થાય છે. એ ભાષા દ્વારા જ તેના હૃદયની લાગણીઓ, તેના ભાવો અને વિચારો પ્રગટ થાય છે. એટલે તેની લાગણી અને વિચારશક્તિ પ્રથમ માતૃભાષા દ્વારા પ્રગટ થાય છે, પોષાય છે અને વિકાસ પામે છે...તે કોઈ પણ માણસ સહેજ બાળહૃદય અને બાળમનનું નિરીક્ષણ કરશે તો તરત સમજાય એવી કુદરતી ઘટના છે. જેમ, જે ભૂમિ ખેડાય, જેમાં જે જાતનાં બીજ વવાય અને તેમાં જોઈતું પાણી સીંચાય, પછી તેમાંથી અંકુરો ફૂટે...પછી સમય જતાં તેમાંથી છોડ ઊગે, તે મોટા થાય અને છેવટે થડ, ડાળી, પાંદડા, ફૂલ અને ફળ થાય... તે જ રીતે બાળકની પ્રથમ ફળદ્રુપ ચિત્તભૂમિમાં બુદ્ધિ તેમજ લાગણીનાં બીજ વવાય, તેમાં સિંચન-પોષણ પ્રેમભરી કાળજીથી કરાય તો એ બાળચિત્તમાંથી ભાવના અને વિચારના અંકુરો પ્રગટ થાય. ઉંમર થતાં હળવે હળવે કોમળ છોડ ખીલે, વધે, મજબૂત બને અને બુદ્ધિ તથા ચારિત્ર્યનું થડ સુદૃઢ બને, તેમાંથી વિદ્યાસંસ્કારની ડાળીઓ વિસ્તરે, કાર્યપાંદડાં ચારેબાજુની ડાળીઓમાં લીલાં અને સુંદર ઊગે, તેમાંથી તેનાં ચારિત્ર્યફૂલો ઊગે ને કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને માનવજાતિને તેનાં સુગંધ અને સ્વાદ મળે તેવી કુદરતી રચના હોય તેમ લાગે છે. પછી એવા શિક્ષણનાં ફળ મીઠાં જ હોય."[૪]

ઉપરોક્ત રીતે જોઈ શકીએ છીએ કે જગતનું કોઈપણ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરાવવાની ગુરુચાવી 'ગ્રહણશક્તિ' જ છે. નાની ઉંમરમાં બાળકની ગ્રહણશક્તિ ખૂબ જ ક્ષમતા ધરાવતી હોય છે. એટલે જ આપણે ત્યાં 'અતુલ્ય બાળક, અતુલ્ય ભારત' કહેવાયું છે. બાળક જે પોતાની માતૃભાષામાં સહજ, સરળ અને તેના મૂળ સ્વરૂપે જે ગ્રહણ કરી શકે છે તે અન્ય કોઈ ભાષાથી નહીં જ ગ્રહણ કરી શકે. જો બાળકનું નાની ઉંમરમાં માતૃભાષામાં ઘડતર ન થાય અને તેને અન્ય ભાષાઓ વડે કેળવણી આપવામાં આવે તો તેની ગ્રહણશક્તિ ખીલવાને બદલે કુંઠિત થાય છે.

આટઆટલી સમજ પછી પણ પ્રશ્ન થાય કે તો પછી બાળક માના ખોળામાં જેટલું ખીલે એટલું આયાના ખોળામાં ન ખીલે, એ સીધી સરળ વાત આજે અચાનક અઘરી કેમ બની ગઈ હશે ! કેમકે ભાષા તો જીવે છે એના ભાષકોથી... ભાષા ધબકે છે એના ભાષકોથી, પરંતુ આપણે તો પારકી મા (અંગ્રેજી) તરફની આંધળી દોટ મૂકી છે. દીકરા જ જો મા પ્રત્યેથી એનું મોઢું ફેરવી લે તો એની શી દશા થાય ? આ માટે આપણે આપણી જાતનું મૂલ્યાંકન કરવું પડે. આપણી ફરિયાદ અંગ્રેજી ભાષા સામેની નથી, ન જ હોય. પરંતુ માતૃભાષાઓનું અંગ્રેજીકરણ થઈ રહ્યું છે તેના પ્રત્યેનો રોષ અને પીડા છે. પ્રભાવ પાડવા માટે અંગ્રેજી બોલવું કે પછી જરૂરી ન હોય ત્યાં પણ સભાનપણે અંગ્રેજી શબ્દોનો બિનજરૂરી ઉપયોગ કરવો... આ બધા દંભી અને બિનજરૂરી દેખાડા આપણને આપણી

સંસ્કૃતિ, આપણા પરિવાર અને આપણા રાષ્ટ્રથી કેટલા અળગા કરી મૂકે છે એ સહુએ આત્મમંથન કરવું જ પડે. એટલું જ નહી દરેક મા-બાપ, દરેક પરિવાર પોતાનાં બાળકો અંગ્રેજિયતના પ્રભાવમાં આવી જઈને માતૃભાષાથી દૂર ન જતાં રહે એ કાળજી તો રાખવી જ પડે.

વર્તમાન પરિસ્થિતિમાં અંગ્રેજી ભાષા પરત્વેની આંધળી દોટ એટલી બધી વધતી જાય છે કે પોતાના બાળકને બિનજરૂરી રીતે અને અકાળે પરભાષાનો પંડિત બનાવી દેવાની હોડ લાગી છે. સમજ્યા વિનાની આ દોડમાં બાળકને તો ચૈતન્યહિન બનાવી જ દે છે પરંતુ સમય જતાં બાળક તેના પરિવાર, તેના રાષ્ટ્ર તેના જીવનમૂલ્યોથી દૂર હડસેલાઈ જાય છે. સ્વભાષા એ કેવળ શિક્ષણ કે પ્રત્યાયનનું જ માધ્યમ નથી, પરંતુ તે રાષ્ટ્રિય સ્વાભિમાનના ગૌરવનું પ્રતીક પણ છે. જૈન મુનિ પંન્યાસ મુક્તિવલ્લભવિજયજી મહારાજ ભાષા માટે બહુ સરસ વાત કહે છે કે – "ભાષા એ સંસ્કૃતિની વાહક છે. આપણી સંસ્કૃતિ દયા અને પરોપકારની સંસ્કૃતિ છે, સંયમ અને સદાચારની સંસ્કૃતિ છે, શ્રદ્ધા અને ભક્તિની સંસ્કૃતિ છે, સ્નેહ અને સંબંધની સંસ્કૃતિ છે, નીતિ અને નિષ્ઠાની સંસ્કૃતિ છે. ખૂબ ઊંચા આદર્શોને અભિમુખ રહેલી આ સંસ્કૃતિ છે. ઈશ્વરીય વિભુતિઓ તથા સંતો-મહંતોથી પ્રાદુર્ભૂત થયેલી અને સિંચન પામેલી આ સંસ્કૃતિ છે. આપણી ભાષાઓમાંથી સંસ્કૃતિની સુગંધ પ્રસરે છે. ભાષા સાંસ્કૃતિક પ્રતીકોને પ્રકાશિત કરે છે અને સાંસ્કૃતિક મૂલ્યોને પ્રવાહિત કરે છે."[૫]

તેથી જ માતૃભાષામાં શિક્ષણ-પ્રાથમિક શિક્ષણ તો જરૂરી છે, કારણ કે –

- માતૃભાષા આપણી સાંસ્કૃતિક ચેતનાની સંવાહક છે.
- માતૃભાષા માતાના મુખની વાણી છે.
- માતૃભાષા એ જે તે પ્રદેશનો આત્મા છે.
- માતૃભાષાથી ગ્રહણશક્તિ અને વિચારશક્તિ વધે છે.
- માતૃભાષા વડે અભિવ્યક્તિ સરળ, સચોટ અને પ્રત્યાયનક્ષમ બને
- બાળકને પરભાષાનું વિષ નહિ, સ્વભાષાનું અમૃત આપો.
- માતૃભાષા મા અને બાળક વચ્ચે સ્નેહની કડીરૂપ માધ્યમ છે.
- માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની બીજી ભાષા પણ ખૂબ અસરકારક બને છે.
- બાળકની કેળવણીનું સચોટ માધ્યમ સ્વભાષા જ છે.
- માતૃભાષા એ બાળકમાં મૌલિકતા, તર્કશક્તિ અને આત્મવિશ્વાસ કેળવે છે.
- શિક્ષણને સાર્વત્રિક બનાવવાનું કામ કેવળ માતૃભાષામાં શક્ય છે.
- માતૃભાષા આપણી જીવનયાત્રાનું અમૂલ્ય પાથેય છે.
- 'Every Child Matters' – પ્રત્યેક બાળક મહત્વનું છે.

અંતે જતાં હર્ષદ શાહની આ હળવી શૈલીમાં કહેવાયેલી ગંભીર બાબત અંકે કરવા જેવી છે. "જો આપણે આપણા સંસ્કાર બચાવવા હોય, આપણી સંસ્કૃતિને જાળવી રાખવી હોય, આપણું સ્વત્વ- પોતાપણું ટકાવી રાખવું હોય અને નવી, આવનારી પેઢીઓને આ ધરતીના સંસ્કારો સાથે જોડી રાખવી હોય તો માતૃભાષાને એકનિષ્ઠ પ્રેમ કરતાં શિખવાડો. અને એ કરતાં કરતાં બીજું ભલે શીખે, એનો વાંધો – વિરોધ ન હોઈ શકે. તો ચાલો આજથી જ માતૃભાષાને પ્રેમ

કરીએ, સાચું લખીએ, શુદ્ધ બોલીએ અને જગને
જીતી લઈએ." ૬

---

---

સંદર્ભસૂચી :


૧. 'ભાષા મારી ગુજરાતી છે', પા.નં.- ૭, લે. હર્ષદ પ્ર.શાહ, પ્ર.આ. ૨૦૧૯

૨. એજન, પા.નં.-૧૨૦

૩. એજન, પા.નં.- ૫૦

૪. એજન, પા.નં.- ૫૪

૫. એજન, પા.નં.- ૭૨

૬. એજન, પા.નં.-૧૧૮